# વડોદરાના યુવાને બનાવી ગુજરાતી સાહિત્યની સૌથી લોકપ્રિય વેબસાઇટ

- **કોમ્પ્યુટર પ્રોગ્રામર મૃગેશ શાહની વેબસાઇટની એક વર્ષમાં ૭૮૦૦૦ વાંચકોએ મુલાકાત લીધી**
- **''જુના સોફ્ટવેર વાપરવા એટલે ગુજરાતી ચોપડીઓ વાંચવા બરાબર'' તેવી કોમેન્ટમાંથી વેબસાઇટનું બીજ રોપાયુ**

(પ્રતિનિધિ દ્વારા)
વડોદરા, શુક્રવાર

ઈન્ટરનેટ પર આજે લાખ્ખો વેબસાઈટ ઉપલબ્ધ છે. જેમાં ગુજરાતી સાહિત્યનો ખરા અર્થમાં પ્રચાર પસાર કરતી હોય તેવી ગુજરાતી વેબસાઈટો આંગળીના વેઢે ગણાય તેટલી છે... તેમાં પણ ગુજરાતી સાહિત્યના ઈન્ટરનેટ પરથી સૌથી લોકપ્રિય વેબસાઈટ ઉભી કરવાનો જશ વડોદરાના યુવાન મૃગેશ શાહને જાય છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રના વિવિધ સમાચારથી માંડી સાહિત્યકારો અને કવિઓના લેખો- કવિતાઓ, ટૂંકી વાર્તાઓ, નવા અને ઉભરતા લેખકોની રચનાઓ એમ સાહિત્યના તમામ પાસાઓને આવરી લેતી વેબસાઈટ શરૂ કરનાર મૃગેશ શાહ કદાચ વડોદરાના સૌપ્રથમ વ્યકિત છે. તેમણે આ વેબસાઈટને રીડ ગુજરાતી ડોટ કોમ (www.readgujarati.com) નામ આપ્યું છે.

વી.આઈ.પી. રોડ પર રહેતા ૨૮ વર્ષના કોમ્પ્યુટર પ્રોગ્રામર એવા મૃગેશભાઈએ આજથી એક વર્ષ અગાઉ ૭ જુલાઈ, ૨૦૦૫ ના રોજ આ વેબસાઈટનો પ્રારંભ કર્યા બાદ અત્યાર સુધીમાં ભારત અને અન્ય દેશોમાં રહેતાં ૭૮૦૦૦ ગુજરાતીઓ આ વેબસાઈટની મુલાકાત લઈ ચૂકયા છે. વિદેશમાં વસતા સાહિત્ય રસીક ગુજરાતીઓ માટે આ વેબસાઈટ અફાટ જણમાં મીઠી વીડી સમાન પુરવા થઈ રહી છે.

મૃગેશભાઈની આ વેબસાઈટના બીજ હ્રદય સોંસરવા નીકળી જાય તેવા વાકયમાંથી રોપાયા હતા. એક કાર્યક્રમમાં તેઓ હાજર હતા. પોસ્ટ ગ્રેજયુએશનનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકીના એક વિદ્યાર્થીએ પોતાના વકતવ્યમા જુના સોફટવેરની સરખામણી ગુજરાતી સાહિત્ય સાથે કરીને જણાવ્યું હતું કે, જુના સોફટવેર વાપરવા એટલે જાણે ફિલ્મ અને મ્યુઝીકના જમાનામાં ગુજરાતી પુસ્તકો લઈને વાંચવા.''

આ એક વાકય મૃગેશભાઈને બરાબર ખટકી ગયું હતું. ગુજરાતી યુવાનોમાં ગુજરાતી સાહિત્યની આ પ્રકારની ઈમેજ ઉભી થતી જોઈને તેમના સાહિત્ય પ્રેમી જીવને જબરદસ્ત ધક્કો લાગ્યો હતો. તેમણે જરા વધારે ઉંડા ઉતરીને યુવાનોની પુછપરછ શરૂ કરી હતી. સંખ્યાબંધ યુવાનોએ તેમને જણાવ્યું કે, ગુજરાતી સાહિત્યમાં રસ તો છે પણ વાંચવાનો સમય નથી. પરદેશમાં રહેતી યુવા પેઢીએ વળી એમ કહ્યું કે અમને ગુજરાતી સાહિત્ય મળતું નથી અને ઉપલબ્ધ હોય તો વાંચવાની ફુરસદ નથી મળતી.

મૃગેશભાઈના મનોમંથન અને યુવા પેઢીના અભીપ્રાયોમાંથી રીડ ગુજરાતી ડોટ કોમનો જન્મ થયો.

આજે આ વેબસાઈટના સાહિત્યના લેખો, કાવ્યો, અજમાવી જુઓ, બાળવાર્તાઓ, વાચકોના અભીપ્રાયો એમ જુદા- જુદા અગીયાર વિભાગો છે. એક વર્ષમાં ૭૮૦૦૦ વાચકો તેમની વેબસાઈટની મુલાકાત લઈ ચુકયા છે. એક અંદાજ પ્રમાણે દર કલાકે સરેરાશ ૩૦ વાંચકો વેબસાઈટ નીહાળે છે. મૃગેશભાઈએ તેના પર ગુજરાતના તમામ જાણીતા સાહિત્યકારોના કાવ્યો, લેખો, ટૂંકીવાર્તાઓ એમ તમામ સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું છે. વેબસાઈટ પર ૨૩૦ ઉપરાંત લેખો આજે મુકાયેલા છે. આ સિવાય બાળવાર્તાઓ, કવિતાઓ વગેરે તો અલગ...

મૃગેશભાઈએ વેબસાઈટ પર એક વિભાગ એવો પણ રાખ્યો છે. જેમાં ઉગતા લેખકોના લેખો અને વાર્તાઓ પ્રગટ કરી શકાય.



રીડ ગુજરાતી ડોટ કોમ નામની ગુજરાતી સાહિત્યની વેબ સાઇટ બનાવનાર વડોદરાના મૃગેશ શાહની તસવીર.. (વલ્લભ શાહ)

રોજ સવારે સાત વાગ્યે તેઓ આ વેબસાઈટ અપડેટ કરે છે. તેઓ જાતે જ લેખો ટાઈપ કરે છે અને વેબસાઈટ પર મૂકે છે.

રોજ બે કલાક તો વેબસાઈટ અપડેટ કરવામાં જાય છે. વેબસાઈટ માટે તેમણે યુનીકોડ નામના ગુજરાતી અક્ષરો વાપર્યા છે. એટલે વાંચકોને વેબસાઈટ જોવા માટે કોઈ ફોન્ટ ડાઉનલોડ કરવાની જરૂર રહેતી નથી. માત્ર અને માત્ર ગુજરાતી સાહિત્ય પ્રત્યેના પ્રેમના કારણે જ આ વેબસાઈટ શરૂ કરનારા મૃગેશભાઈને દર વર્ષે વેબસાઈટને ધબકાતી રાખવા માટે ૧૫૦૦૦ થી ૨૦૦૦૦નો ખર્ચ આવે છે. બી.સી.એ.ની ડીગ્રી મેળવ્યા બાદ ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સી ઓફ ઈન્ડીયામાં વીઝીટીંગ ફેકલ્ટી તરીકે પણ સેવા આપતા મૃગેશભાઈ જોકે, કહે છે કે, ગુજરાતી સાહિત્યનો પ્રસાર જ થાય છે તેટલુ બહુ છે... આ માટે વર્ષે થોડા- ઘણાં પૈસા ખર્ચવા પડે તેનો કોઈ અફસોસ નથી. મૃગેશભાઈનો એવો પણ દાવો છે કે, આટલા વ્યાપક સ્તરે ગુજરાતી સાહિત્યને રજુ કરતી તેમની એકમાત્ર વેબસાઈટ છે.

# પાકિસ્તાનમાં પણ ગુજરાતી સાહિત્યની વેબસાઇટના ચાહકો

- **સીડની રેડિયો સર્વિસે મૃગેશ શાહની મુલાકાત પ્રસારીત કરી**

(પ્રતિનિધિ દ્વારા)
વડોદરા, શુક્રવાર

મૃગેશભાઈની ગુજરાતી વેબસાઈટ નીહાળનારા વાંચકો એક નહી સંખ્યાબંધ દેશોમાં પથરાયેલા છે. મૃગેશભાઈ કહે છે કે, તમને જાણીને આશ્ચર્ય થશે પણ પાકિસ્તાનમાં પણ આ વેબસાઈટ જોનારા છે. ઘણી વખત ત્યાંના વાંચકો અભીપ્રાય પણ મોકલી આપે છે. અમેરિકા, યુ.કે., ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં તો હજારો ગુજરાતીઓ રહેતા હોવાથી ત્યાં આ વેબસાઈટ નીહાળનારા લોકો મોટી સંખ્યામાં છે પણ આ સિવાય યુક્રેન યુગોસ્લાવીયા, ઓમાન, સાઉદી અરેબીયા, કુવૈત જેવા દેશોમાં રહેતાં ગુજરાતીઓ પણ વેબસાઈટ જુએ છે.

ઓસ્ટ્રેલિયામાં સીડની ખાતે ગુજરાતીઓ માટેની રેડીયો સર્વિસ શરૂ થઈ છે. આ રેડીયો સર્વિસ પર તાજેતરમાં વેબસાઈટ શરૂ કરવા બદલ મૃગેશભાઈ શાહની ખાસ મુલાકાત પ્રસારીત કરવામાં આવી હતી.